September - 2024

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# કહાન રત્નસાગરના અણમોલા મોતી.......

કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગકાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે! (૪૩)

*


હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે! એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી-ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર ને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો. (૬૬)

*

અહો! પ્રભુ! તારામાં પ્રભુતા પડી છે, તું પોતે જ પ્રભુ છો. તારા પેટમાં પરમાત્મપણું પડ્યું છે, તેમાંથી સંસાર પ્રસવે એવી તારામાં શક્તિ જ નથી કેવળી થવાની તારામાં ખાણ પડી છે. (૯૩)

*

('દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર' માંથી સાભાર ઉદ્ધૃત)




**નવું પ્રકાશન**

**'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૫)**

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૫ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૨માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૦૮-૧૨-૨૦૨૪ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. ૩૦-૧૧-૨૦૨૪ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

– શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ


શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૨૧, વર્ષ–૨૬, સપ્ટેમ્બર–૨૦૨૪

**શ્રાવણ સુદ ૧૦, બુધવાર, તા.૨૭–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૧૦૬ થી ૧૦૮ પ્રવચન–૪૫**





આ 'યોગસાર' શાસ્ત્ર છે, ૧૦૬ ગાથા ચાલે છે. પરમાત્માનું સ્વરૂપ ઘણું વર્ણવ્યું ને? જિન, શંકર, ઈશ્વર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે ઘણા અને પાંચ પરમેષ્ઠીનું સ્વરૂપ વર્ણવ્યું. એમાં એ કહ્યું કે **'આ રીતે ઉપર કહેલા લક્ષણોથી લક્ષિત જે પરમાત્મા નિરંજન દેવ છે...' 'एव हि लक्खण–लक्खियउ'** પરમેષ્ઠી અથવા બ્રહ્મા આદિ, એ બધા પરમાત્માના સ્વરૂપના લક્ષણવાળા છે **'તથા જે પોતાના શરીરની અંદર વસનાર આત્મા છે તે બન્નેમાં કોઈ ભેદ નથી.' 'देहहँ मज्झहिं सो वसइ, तासु ण विज्जइ भेउ'** વ્યવહારથી પર્યાયમાં, રાગમાં, નિમિત્તના સંયોગમાં ભેદ હોવા છતાં, આત્મામાં કર્મના, નિમિત્તના સંબંધમાં વિચિત્રતા, વિવિધતા અવસ્થામાં હોવા છતાં તે દ્રષ્ટિને બંધ રાખી, એ લક્ષને બંધ રાખી, છે ખરું, એનું જ્ઞાન રાખવું. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એની વર્તમાન દશામાં કર્મના, નિમિત્તના વશે અનેક પ્રકારની વિવિધતા ને વિચિત્રતા દશાઓ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના ઘણા પ્રકારો (પડતા) છતાં એ લક્ષને, એ દ્રષ્ટિને લક્ષમાં રાખવા છતાં તેને ભૂલી જઈને એક આત્મા પરમાત્મ સ્વરૂપ છું. વસ્તુદ્રષ્ટિ દ્રવ્ય સ્વભાવ અસલી ચૈતન્યબિંબ આત્મા એ પરમાત્મા છે, એમ સાધકજીવે ધર્માત્માએ આત્માની નિશ્ચયદ્રષ્ટિ કરવી. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મામાં અને મારામાં કંઈ ભેદ નથી. ભેદ છે એ વ્યવહારનયના વિષયમાં જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ સ્વરૂપે ચિદ્‌ઘન આનંદકંદ આત્મા, એને એકરૂપ દ્રષ્ટિએ જોતા એ ભેદ પરમાત્મા અને આમાં દેખાય છે એ વ્યવહારથી છે, વસ્તુની દ્રષ્ટિએ ભેદ છે નહિ. એમ આત્માને જોવો. પછી છેલ્લે છે, જુઓ!

**'સમભાવ જ મોક્ષનો ઉપાય છે. આ ભાવ (સમભાવ) લાવવા માટે સાધકને વ્યવહાર દ્રષ્ટિએ ભેદ છે...'** એણે પોતે એમ નાખ્યું છે. **'એમ જાણવા છતાં પણ, એમ ધારણામાં રાખવા છતાં પણ આ દ્રષ્ટિનો વિચાર બંધ કરીને નિશ્ચય દ્રષ્ટિએ પોતાના આત્માને અને સર્વ સંસારી આત્માઓને દેખવા જોઈએ.'** પોતાના આત્માને જે રીતે વ્યવહારના ભેદોને ગૌણ કરીને, અભાવ કરીને નહી, વસ્તુના સ્વભાવને અભેદપણે દેખવો, એમ બીજા આત્માઓને પણ એ રીતે દેખવા. એ આત્મા છે એ તો શુદ્ધ આનંદઘન જ બધા છે. એમ દ્રષ્ટિ કરીને **'પોતાના આત્માને અને સર્વ સંસારી આત્માઓને દેખવા જોઈએ. એક સમાન શુદ્ધ, નિરંજન, નિર્વિકાર, પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદમય અમૂર્તિક, અસંખ્યાત પ્રદેશી...'** એ અસંખ્ય પ્રદેશ તો સમજાવ્યું છે. અસંખ્ય પ્રદેશ અસંખ્ય પ્રદેશ એ પણ એક ભેદ છે. પણ વસ્તુ એવી છે એવું જ્ઞાન વ્યવહારે હોવા છતાં અંતરમાં એક જ્ઞાનાકાર દેખવો. વસ્તુ એક જ્ઞાન સ્વરૂપ જ ચૈતન્યબિંબ છે એમ અંતર દ્રષ્ટિએ જોવું, જાણવું, અનુભવવું. સમજાય છે? **'એને જ પરમદેવ માનવો...'** એમ વિશેષ પછી પોતાની વાત કરી થોડી.

'સમાધિશતક'ની થોડી વાત કરી છે. **'જે કોઈ પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવથી છૂટીને પરભાવોમાં આત્માપણાની બુદ્ધિ કરે છે,...'** ભગવાનઆત્મા જ્ઞાતા–દ્રષ્ટા શુદ્ધ બ્રહ્મ આનંદકંદ (છે) એવી દ્રષ્ટિ છોડીને વર્તમાન અલ્પજ્ઞ પર્યાયમાં ને પુણ્ય–પાપના પરિણામમાં આત્મબુદ્ધિ કરે છે એ સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. સમજાય છે કાંઈ? **'પોતામાં કષાય જાગૃત કરે છે...'** એવી બુદ્ધિ કરવાથી કષાયની ઉત્પત્તિ કરે છે. મિથ્યાત્વ, મોહ કષાયનામ મિથ્યાત્વ કષાય છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યધામ (છે) તેને ભૂલી એકલા વ્યવહારના પક્ષમાં પોતાના આત્માને સ્થાપે છે એને મિથ્યાત્વરૂપી કષાયનો ભાગ લાગી જાય છે, એને મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **'મૂર્ખ બહિરાત્મા આ દેખાતા જગતનાં પ્રાણીઓને ત્રણ લિંગરૂપ સ્ત્રી, પુરુષ, નપુંસક દેખે છે...'**

મુમુક્ષુ : અસંખ્ય પ્રદેશ તો સ્વભાવ છે.

ઉત્તર : એ પણ એક કીધું, સ્વભાવ છે પણ અસંખ્ય પ્રદેશ, એમ લક્ષ ન કરવું, જ્ઞાન કરવું.

મુમુક્ષુ : સ્વભાવથી તો અસંખ્ય પ્રદેશી છે.

ઉત્તર : છે તો ખરા. દ્રવ્યદ્રષ્ટિએ જોવું, એમ. અસંખ્ય પ્રદેશી તો છે પણ તેને જ્ઞાનમાં રાખવું. અભેદમાં આ અસંખ્ય પ્રદેશ છે, એમ નહિ. વિકલ્પ નહિ, ભેદ છે ને? અંતર અભેદમાં નહિ, એ પહેલા કહ્યું હતું. અસંખ્ય પ્રદેશ ભલે એણે લખ્યું છે પણ ખરેખર તો એક પ્રદેશી જ ગણવામાં આવ્યું છે, લ્યો! આવે છે ને? 'પંચાસ્તિકાય'. 'પંચાસ્તિકાય'માં એમ લીધું છે. એક પ્રદેશી એટલે એકરૂપ, એમ. એમ લીધું છે. અસંખ્ય પ્રદેશ છે ખરા, હોં! એ વસ્તુ છે, નિશ્ચયથી એવી છે. પણ અસંખ્ય પ્રદેશનો ખ્યાલ છોડીને એકપ્રદેશીએકસ્વરૂપ એમ 'પંચાસ્તિકાય'માં લીધું છે. એક પ્રદેશી. એક પ્રદેશી નામ એકરૂપ, બસ! એમ લીધું છે. અસંખ્ય પ્રદેશ ખ્યાલમાં આવે તો વિકલ્પ ઉઠે છે. ભેદ રહે છે. સમજ્યા? છે ને ક્યાંક અસંખ્ય પ્રદેશનું? ક્યાં છે?

'પંચાસ્તિકાય' જુઓ, છે. પહેલી લીટી છે ને? ૩૧ (ગાથા). **'જીવો ખરેખર અવિભાગી–એકદ્રવ્યપણાને લીધે લોકપ્રમાણ–એકપ્રદેશવાળા છે.'** છે ને? **'जीवा अविभागैकद्रव्यत्वाल्लोक–प्रमाणैकप्रदेशाः'** એકકોર લોક પ્રમાણ પણ એકપ્રદેશ, વસ્તુ અભેદ છે, એમ. 'પંચાસ્તિકાય' ૩૧મી (ગાથા) છે.

**अगुरुलहुगा अणंता तेहिं अणंतेहिं परिणदा सव्वे।**
**देसेहिं असंखादा सिय लोगं सव्वमावण्णा।।३१।।**

'અમૃતચંદ્રાચાર્યે' ટીકા લખી છે. અસંખ્ય એ તો ભેદ થઈ ગયો, વ્યવહાર (થયો). પાછો ભેદ થઈ ગયો એટલે અસંખ્ય નથી, એમ નહિ. વળી કોઈ એમ કહે કે એ અસંખ્ય છે એ તો વ્યવહાર જ છે. એમ પ્રશ્ન ઉઠે છે. ઘણા વર્ષ પહેલા એક ભાઈએ પ્રશ્ન કરેલો. આ 'હંસરાજભાઈ'. અભ્યાસી હતા ને? 'અમરેલી'. ઘણા

વર્ષ (થયા). (સંવત) ૧૯૭૯ની સાલની વાત છે ૧૯૭૯. એ કહે, આત્માને અસંખ્ય પ્રદેશ છે નહિ, એ તો વ્યવહાર છે. કીધું, એ વ્યવહાર નહિ એ અસંખ્ય પ્રદેશ યથાર્થ છે. પણ અસંખ્ય પ્રદેશનો ભેદ વિચાર કરવો એ વ્યવહાર છે. વસ્તુ અસંખ્ય(પ્રદેશી) નથી, એમ નહિ. પછી તો જેમ વેદાંત કહે છે એમ થઈ જાય. એમ નથી. છે અસંખ્ય પ્રદેશી. એક એક અંશ એના અસંખ્ય પ્રદેશ છે. લોકના આકાશનાં પ્રદેશ જેટલા એના પ્રદેશ છે, પણ એ અસંખ્ય ઉપર લક્ષ જતા ભેદ રહે છે. એથી એને એકપ્રદેશી સમૂહ તરીકે ગણીને એકપ્રદેશી કહ્યો છે. એથી અસંખ્ય પ્રદેશ ચાલ્યા ગયા છે, એમ નથી.

(એમ કોઈ કહે કે), એ અસંખ્ય કહ્યું એ તો વ્યવહારથી, વ્યવહારથી એટલે ખોટો. એમ નહિ. સમજાય છે? અમારે તો આ ચર્ચા બહુ થતી હતી ને. સંપ્રદાયમાં બહુ (ચર્ચા થયેલી છે). એ 'હંસરાજભાઈ'ને વાંચન બહુ હતું. 'અમરેલી' સંસ્કૃત ભણેલા. વાંચન (ખરું) પણ કાંઈ નહિ. એ અસંખ્યપ્રદેશી કહ્યું છે એ તો કલ્પના છે, એ વ્યવહાર છે. એમ નહિ. અસંખ્ય પ્રદેશ નિશ્ચયથી અસંખ્ય પ્રદેશ છે. પણ અસંખ્યના ભેદનો વિચાર કરવો તે વિકલ્પ ને વ્યવહાર છે. એ અપેક્ષાએ એકપ્રદેશી કહેવામાં આવ્યું છે. આ 'પંચાસ્તિકાય' એણે વાંચેલું ખરું ને! એ વાંચતા હતા. અહીં છે ને, લોકપ્રમાણ એકપ્રદેશી. શું કીધું? લોક પ્રમાણે લોક પ્રમાણ તો કહી દીધું. સંસ્કૃત પાઠ છે, જુઓ ને! **'अविभागैकद्रव्यत्वाल्लोकप्रमाणैकप्रदेशाः'** વસ્તુ નિશ્ચયથી છે.

જેમ આકાશ અનંત પ્રદેશી નિશ્ચયથી છે. ધર્માસ્તિ અસંખ્ય પ્રદેશી નિશ્ચયથી છે. ઈ શક્તિમાં પણ આવે છે ને? ભાઈ! ૪૭ શક્તિમાં આવે છે. નિયતપ્રદેશત્વ, નિયતપ્રદેશત્વ એક શક્તિ છે. ૪૭ શક્તિમાં નિયતપ્રદેશત્વ શક્તિ. એ અસંખ્ય પ્રદેશ નિયત પ્રદેશત્વ છે. પણ અસંખ્યનું જ્યાં લક્ષ લેવા જાય ત્યાં ભેદ ઉઠે છે એથી એને અસંખ્યનું ભેદ લક્ષ કરતાં વ્યવહાર (કહ્યું છે). વસ્તુ વ્યવહાર નથી, વસ્તુ તો અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. આહા..!

જૈન દર્શનની વસ્તુ એવી છે કે એને જે રીતે કીધી છે ને એ રીતે છે. આત્મામાં અનંત ગુણ નથી? પણ અનંત ગુણ છે એમ ભેદ પાડવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે. એકરૂપ વસ્તુ છે એથી કરીને અનંત ગુણ એમાંથી ચાલ્યા ગયા છે? દ્રવ્ય એક છે એટલે અનંત ગુણ ચાલ્યા ગયા છે? પણ અભેદમાં અભેદદ્રષ્ટિએ દેખતા ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદ નથી એમ નહિ પણ અભેદ જોતાં ભેદ દેખાતો નથી. કારણ કે ભેદ દેખાડવા જાય ત્યાં વિકલ્પ ઉઠે ને અભેદમાં રહેતો નથી. વાત આ છે. સમજાણું કાંઈ?

નિયતપ્રદેશત્વ, છે ને? શક્તિ છે, હોં! એકે એક વાત આચાર્યો તો ઓ..હો..હો...! સત્‌ને ઘણું પ્રસિદ્ધ કર્યું છે, સ્પષ્ટ કર્યું છે. જુઓ! **'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું...'** અવયવપણું. સંસ્કૃત ટીકા છે, હોં! **'અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે).'** (૨૪). 'નિયત' શબ્દ વાપર્યો છે, હોં! નિયતપ્રદેશત્વ શક્તિ એક છે.

આત્મામાં નિયતપ્રદેશત્વ નામનો એક ગુણ છે કે જે નિયત અસંખ્ય પ્રદેશી નિશ્ચયથી છે. પણ અસંખ્ય પ્રદેશ આમ છે એમ ભેદ કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે માટે એને ગૌણ કરી નાંખવું. વસ્તુ ચાલી ગઈ નથી, વસ્તુ તો અસંખ્ય પ્રદેશી જ છે. અહીંયાં 'નિયત પ્રદેશ' (શબ્દ) વાપર્યો છે. નિયતપ્રદેશત્વશક્તિ, એવો શબ્દ વાપર્યો છે. ૪૭ શક્તિમાં છે. કહો, સમજાણું આમાં? જૈનને ઓલા અન્ય સાથે મેળવવા કેટલાક ગોટા વાળે છે. એ તો અસંખ્ય પ્રદેશ કહ્યા છે એ વ્યવહારથી કહ્યા છે. સમજ્યા ને? એમ

નહિ. અસંખ્ય પ્રદેશ એ નિશ્ચયથી છે પણ એનું અસંખ્ય પ્રદેશનું લક્ષ કરવા જાય ત્યારે વ્યવહાર વિકલ્પ ઉઠે છે એ અપેક્ષાએ અસંખ્યનું લક્ષ ન કરવું, એકનું કરવું. એથી એકનું લક્ષ કરતાં અસંખ્ય નથી, વ્યવહારથી કહ્યા હતા એટલે અભૂતાર્થ નયથી કહ્યા હતા, એમ નથી. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? ઝીણું બહુ આમાં, 'છોટુભાઈ'! બહુ ઝીણું, ભાઈ! આ દયા પાળવી, ઈરિયા..વિયા મિચ્છામિ દુક્કડમ્ કરવું ઈ આ વાત નથી. આહાહા..!

અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ વ્યાપેલા છે. આમ એક એક પ્રદેશમાં અનંત અનંત અનંત અનંત આમ પથરાયેલા છે. તીરછા.. તીરછા.. તિર્યક્ પ્રચય આમ અસંખ્ય પ્રદેશ. અને ૯૯માં લીધું છે ને? ભાઈ! ૯૯ ગાથા, 'પ્રવચનસાર'. બતાવવું છે તો ઓલા પર્યાયને પણ ત્યાં દાખલો આપ્યો છે એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. એક બીજા પ્રદેશમાં ત્રીજાનો અભાવ છે. વ્યતિરેક. એ રીતે અસંખ્ય પ્રદેશ છે. ૯૯ ગાથા, 'જ્ઞેય અધિકાર', આત્માનું જ્ઞેયપણું કેવડું છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પણ આમ અસંખ્ય એ સંખ્યા જ્યાં લક્ષમાં લેવા જાય એમાં વિકલ્પ ઉઠે છે. આહાહા..! 'ભીખુભાઈ' આ ઝીણી વાત છે. આ દુકાનના આખો દિ' ધંધા.. ધંધા.. ધંધા.. એમાં માંડ કો'ક દિ' સાંભળે એમાં આવું આવે, એમાં આવું જીણું આવે. કહે છે, અમે માંડ આવ્યા ન્યાંથી દુકાન છોડીને. પણ સમજવાનું આ છે. સમજાણું?

(અહીંયાં) 'સમાધિશતક'માં (કહે છે), ભગવાન! **'જ્ઞાની આ જગતના નિશ્ચયથી એકસમાન શબ્દરહિત અને નિશ્ચળ જ્ઞાતા છે.'** લિંગ-બિંગ નહિ. આ સ્ત્રીલિંગ ને પુરુષાલિંગ ને નપુંસક, ભાવ વેદ ને ભાવ વેદમાં ફેર, એ પણ નહિ. એ તો પર્યાય (છે). વસ્તુ તરીકે એકાકાર ભગવાનઆત્મા જ્ઞાતા-દ્રષ્ટા પરમ સ્વભાવ સ્વરૂપ એક (છે) એવી દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર પ્રગટ થાય છે. સમજાય છે? ભેદને લક્ષમાં રાખવા, ભૂલી ન જવું. ભૂલી એટલે કે એ નથી, એમ નહિ. પણ વ્યવહારનો અભાવ કરીને નિશ્ચય કરવો એમ નહિ. વ્યવહારને ગૌણ કરીને નિશ્ચય કરવો. એમ વસ્તુ (છે). અભાવ કરે તો એ વસ્તુ નથી, એમ થયું. આહાહા..! વીતરાગ શાસન એવું છે, ભાઈ! ૧૦૬ (પૂરી) થઈ, લ્યો! ૧૦૭.

---

**આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે**

**जे सिद्धा जे सिज्झिहिहिं, जे सिज्झहि जिण-उत्तु।**
**अप्पा-दंसणि ते वि फुडु, एहउ जाणि णिभंतु।।१०७।।**

**જે સિદ્ધયા ને સિદ્ધસે, સિદ્ધ થતા ભગવાન;**
**તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત. ૧૦૭.**

**અન્વયાર્થ : (जिण-उत्तु) શ્રી જિનેન્દ્રે કહ્યું છે (जे सिद्धा) જે સિદ્ધ થઈ ગયા છે (जे सिज्झिहिहिं) જે સિદ્ધ થશે (जे सिज्झहि) જે સિદ્ધ થઈ રહ્યા છે (ते वि फुडु अप्पा दंसणि) તે સર્વ પ્રગટપણે આત્માના દર્શનથી છે. (एहउ णिभंतु जाणि) આ વાતને સંદેહ રહિત જાણો.**

---

**'આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે.'** લ્યો! આમાંથી થોડો અર્થ જોતો હોય તો, આમાં થોડો અર્થ છે, થોડો શબ્દાર્થ છે. એ 'પરમાત્મ પ્રકાશ'નું છે, બીજું જુદું પાડ્યું છે.

**जे सिद्धा जे सिज्झिहिहिं, जे सिज्झहि जिण-उत्तु।**
**अप्पा-दंसणि ते वि फुडु, एहउ जाणि णिभंतु।।१०७।।**

ઓહોહો..! **'શ્રી જિનેન્દ્રે કહ્યું છે...'** જુઓ! ભગવાન 'યોગીન્દ્રદેવ આચાર્ય' પણ ભગવાનને વચમાં નાંખે છે. ભાઈ! પરમાત્મા તો આમ કહે છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર પૂર્ણ જેને ઈશ્વરતા પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે, એવા જિનેન્દ્ર પ્રભુ એમ **'उत्तु'**, એમ **'उत्तु'** એમ કહે છે. **'જે સિદ્ધ થઈ ગયા છે...'** અત્યાર સુધી જેટલા સિદ્ધ અનંતા થયા અને **'જે સિદ્ધ થશે...'** ભવિષ્યમાં સિદ્ધ થશે. જુઓ! ત્રણ કાળ લઈ લીધા. અને **'જે સિદ્ધ થઈ રહ્યા છે...'** મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન સિદ્ધ થઈ રહ્યા છે. સમજાણું કાંઈ? મહાવિદેહ ક્ષેત્રમાં છ મહિના ને આઠ સમયે મુક્તિ કાંઈ બંધ નથી થઈ ગઈ. ભરત ને ઐરાવતમાં નથી એટલે ત્યાં આ છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (જીવો) મુક્તિને પામે છે.

જે કોઈ અનંત સિદ્ધ થયા, જે અનંત સિદ્ધ થશે, એથી અનંતગુણા થયા, આમ છતાં વસ્તુ તો એટલી ને એટલી એક શરીરનાં અનંતમાં ભાગે. સમજાણું? **'તે સર્વ પ્રગટપણે...' 'તે વિ ફુડુ ફુડુ' 'પ્રગટપણે આત્માના દર્શનથી છે.'** આત્માના દર્શનથી મુક્તિ પામ્યા છે. અનંતા સિદ્ધ થયા એ ભગવાનઆત્માનો અનુભવ કરીને પામ્યા છે. આત્મદર્શન. ભેદ દર્શન, વ્યવહાર દર્શન એમ નહિ. આત્મદર્શન એક સમયમાં પૂર્ણ પ્રભુ, એ અનંત ગુણનું ધામ તે એકરૂપ, એનું દર્શન કરીને અર્થાત્ અનુભવ કરીને જે અનંત સિદ્ધો થયા તે અનુભવથી થયા, અનંત સિદ્ધ થશે તે અનુભવથી થશે, અત્યારે સિદ્ધ થાય છે તે અનુભવથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ત્રણ કાળ લક્ષમાં લઈ લીધા. ઓહો..હો..! ત્રણે કાળમાં એક જ માર્ગ છે એમ કહે છે.

મુમુક્ષુ : જ્ઞાન, ચારિત્ર ક્યાં ગયા?

ઉત્તર : ઈ એમાં દર્શનમાં આવી ગયું. આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું દર્શન થયું ત્યાં જ્ઞાન પણ સમ્યક્ થયું, પ્રતીત સમ્યક્ થઈ ને સ્વરૂપાચરણની સ્થિરતા શરૂ થઈ ગઈ. ચોથે ગુણસ્થાનથી અનુભવ શરૂ થઈ જાય છે. આહાહા..! એ બધી વાતું 'પંડિતજી'ને બહુ ખબર છે. ન્યાંથી જુદા પડીને નીકળ્યા છે ને! બેન પણ એક ફેરી નહોતા કહેતા? આમ કાંઈક કહેતા હતા. મેં કીધું, કેમ એનાથી જુદા પડ્યા? એક ફેરી તમે આમ બોલતા હતા. એક કોર ઈ નીકળી ગયા. 'રતનચંદજી' સાથે રહેતા હતા ને? તમે અહીંયાં બોલ્યા હતા. રસ્તા જુદા થઈ ગયા. ભેગા રહેતા હતા. માર્ગ તો બાપુ એ છે ઈ છે. આહાહા..! સમજાણું? ચોથા ગુણસ્થાનથી પોતે આગળ કહેશે, હોં! જુઓ! અહીં છે. પોતે કહેશે.


મુમુક્ષુ : ...

ઉત્તર : દ્રવ્ય દ્રષ્ટિએ એવો ભેદ પણ નહિ આ આનંદ છે, એવો ભેદ પણ નહિ. દ્રષ્ટિના વિષય એવા દ્રવ્યમાં નથી. જ્ઞાનના અખંડમાં પણ નથી, જ્ઞાનના જ્ઞેયના અખંડમાં પણ ભેદ નથી અને દર્શનના દ્રવ્યદ્રષ્ટિમાં ભેદ નથી. આ આનંદ, એ તો સમજાવવું છે. બાકી આનંદમય (છે). એક ભિન્ન ગુણ કરીને જોવું તે વ્યવહાર છે. આ તો સમજાવવાની રીત છે કે, એક જ્ઞાયક છે. અનંત ગુણ આવી જાય છે. 'પ્રવચનસાર'માં આવ્યું છે, નહિ? એક અસાધારણ જ્ઞાનગુણને કારણરૂપે ગ્રહણ કરીને, એમ આવ્યું છે. 'પ્રવચનસાર'. કેમ સિદ્ધ થાય છે? છેલ્લો અધિકાર. એક અસાધારણ જ્ઞાનસ્વભાવને કારણરૂપે ગ્રહણ કરીને જે કાર્યરૂપ દશાને પ્રાપ્ત થયા છે. એવું 'પ્રવચનસાર' છે. શાસ્ત્રમાં તો બધી વાત (આવી છે). લખ્યું છે જ્ઞાન. સમજાણું કાંઈ? કેટલામું છે? એ..ઈ..! થોડું થોડું લખી રાખવું જોઈએ મોઢા આગળ. આપણે એ વાત થઈ ગઈ છે.

એક અસાધારણ જ્ઞાનને ગ્રહણ કરીને. ૨૧ ગાથા. **'ઈન્દ્રિયોને આલંબીને અવગ્રહ-ઈહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી, (પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ, અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી...'** આ સંસ્કૃત ટીકા છે, હોં! અનાદિ અનંત (એટલે) ભેદ નહિ. અહેતુક કોઈ હેતુ નહિ, અસાધારણ (એટલે) બીજો ગુણ નહિ. એ **'જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાન ઉપયોગરૂપ થઈને પરિણમે છે.'** જ્ઞાનથી થયું પણ એથી આ જ્ઞાન એમ પણ નહિ. એ ભેદ થઈ ગયો. સમજાવવા (માટે એમ કહ્યું). જ્ઞાન પરમભાવ છે ને! આ જ્ઞાયક છે, એમ કરીને. અસાધારણ જે બીજો નથી એવો ગુણ. એવા અસાધારણ ગુણને અહેતુકને, અનાદિઅનંતને કારણપણે ગ્રહીને એટલે કે વિકલ્પ આદિના વ્યવહારને કારણ (પણે) ગ્રહીને કેવળજ્ઞાન થાય છે એમ નહિ. આ અંદર અસાધારણ જ્ઞાન આનંદ સ્વરૂપ એકરૂપ એને કારણપણે ગ્રહીને ઉપર, ઉપર એટલે પર્યાયમાં કેવળજ્ઞાનરૂપે થઈને પરિણમી જાય છે. જુઓ! છે ને?

*

**(શેષ આવતા અંકે... )**



# શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું તાઃ ૦૭-૦૮-૯૮ કલકત્તામાં થયેલ પ્રવચન

**પત્રાંક - ૧૦૩**

**મુંબઈ, માહ, ૧૯૪૬**

**કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે. સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે, માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું, અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરુ થવું, પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.**

(શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત. પત્રાંક - ૧૦૩) પાનું - ૨૧૦ છે. '**કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે.**' (કૃપાળુદેવે) ૨૩માં વર્ષે આ વચનામૃત લખ્યું છે. એક કાજળની કોટડી હોય એમાં કોઈ રહે અને એમ ઈચ્છે કે મને ડાઘ ન લાગવો જોઈએ! તો એ શક્ય છે ખરું? અશક્ય છે. કાજળની કોટડીમાં ચારે બાજુ કાજળ લાગેલો હોય - ચાર દિવાલ, ઉપર-નીચે બધે (કાજળ લાગેલું હોય) અને કાજળના પરમાણુ બહુ ઉડતા હોય (તો) ડાઘ લાગ્યા વગર રહે કેવી રીતે? એમ કુટુંબમાં રહેવું અને સંપૂર્ણપણે દોષરૂપી ડાઘ ન લાગે, એમ બનવું અશક્ય છે.

શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ જેવા (ભગવાન) ચક્રવર્તીપદ, કામદેવપદ (જેવા) વૈભવશાળી (પદે બિરાજતા હતા). પરમજ્ઞાની (હતા) છતાં કુટુંબ છોડીને કેમ ગયા? એવા પુણ્ય હોય કે એ વ્યક્તિ કુટુંબને બહુ પ્રિય હોય. અત્યારે આપણે રહીએ છીએ એવું નહીં (કે) ઘડીક-ઘડીકમાં એકબીજાનું મોઢું ચડી જાય, વાત-વાતમાં રિસાઈ જાય અને (મોઢું) બગડી જાય, એવું નહીં. (પણ) અતિપ્રિય હોય! એવા પુણ્ય લઈને આવ્યા હોય અને કુટુંબીઓ એમનો વિયોગ સહન ન કરી શકે (એટલા પ્રિય હોય)!

ગુરુદેવ તો એમ કહેતા કે, એમની રાણીઓ કલ્પાંત કરે તો વાળ ખેંચી નાખે! એવી રીતે રડે. કેવી રીતે રડે? કે રડતા-રડતા માથાના વાળ ખેંચી નાખે. અસહ્ય વેદના થાય કે, આવી વ્યક્તિ ઘરમાંથી ચાલી જાય! આમ સર્વગુણ સંપન્ન દેખાતા હોય. એટલા જ્ઞાની! એટલા વૈરાગી! એટલા શાંત! (હોય). લૌકિક ગુણો તો બધાં (હોય) અને અલૌકિક ગુણો પણ પ્રગટ કર્યા હોય. એમના જે મહેલો હોય એની ફરતે મોટા બગીચા નહીં (પણ) વન-ઉપવન હોય! માઈલો સુધી (ફેલાયેલા હોય). પછી લોકોની જમીન, વાડી, ખેતર બધું શરૂ થાય. એ ધારે તો બધી વ્યવસ્થા કરી શકે કે, હું મહેલમાં નહીં રહું પણ ઝૂંપડીમાં રહીશ, મારી ઝૂંપડી બનાવી દ્યો! (સ્ત્રીઓ, કુટુંબીઓ નોકર-ચાકર બધાં જ એમ કહે કે) અમારી નજર સામે તો રહો!

સંયોગનો સવાલ નથી (પણ) સવાલ પોતાના

પરિણામોનો છે. એમને દર્શનમોહ તો વ્યતીત થયેલો છે. એવા મહાન પુરુષોને દર્શનમોહ તો છે નહીં. એ તો પૂર્વભવથી જ (આત્મજ્ઞાન) લઈને આવ્યા છે. એટલે જ્ઞાન સહિત જ અહીંયા જન્મ્યા છે. ત્રણ જ્ઞાન સહિત જન્મે છે. મતિ-શ્રુત અને સમ્યક્ અવધિજ્ઞાન - (એમ) એમને ત્રણેય જ્ઞાન હોય છે. પણ (કુટુંબને) કાજળની કોટડી જાણી છે. (એટલે) સર્વ-સંગ પરિત્યાગ કરીને નીકળી જાય છે. વિષય મુનિદશાનો છે, પણ ૨૩માં વર્ષે કૃપાળુદેવના આ વિચારો છે અને અભિપ્રાય છે. મુમુક્ષુની ભૂમિકામાં આ અભિપ્રાય ઊભો થાય છે. પછી (જ્ઞાનીને) કુટુંબમાં એટલો ચારિત્રમોહ રહે - મોહ હોય ત્યાં સુધી કુટુંબમાં રહે - એ મોહ ખલાસ થયો, પછી (કુટુંબમાં) ન રહી શકે. એ પરિણામને (જ્ઞાની) સહન કરી શકતા નથી. કુટુંબ પ્રત્યેના દર્શનમોહ વગરના માત્ર ચારિત્રમોહવાળા પરિણામોને પણ એ સહન કરી શકતા નથી, ત્યારે મૂકી દે છે. (ભલે) એ (મોહ) અલ્પ હતો તો પણ એ અલ્પ (મોહ) પણ પોસાતો નથી. કેમકે પૂર્ણ વીતરાગ થવું છે. એટલે તેઓ સ્પષ્ટ કહી દે છે, 'મને જ્યાં સુધી રાગનો-વિકલ્પનો અંશ ચાલતો હતો અને એ જીવતો હતો ત્યાં સુધી તો હું તમારી સાથે રહ્યો. હવે એ રાગ મરી ગયો છે. હવે હું રહી શકું એવી મારી પરિસ્થિતિ નથી.' અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાના છે. અંદરથી પુરુષાર્થ ઉછાળા મારે છે (એટલે એમ લાગે છે કે) અહીંયા રહીને કામ થાય એવું નથી. (આમ) સ્પષ્ટ ખ્યાલ આવે છે એટલે સર્પ કાંચળી મૂકે, એવી રીતે મૂકીને ચાલ્યા જાય છે. સડસડાટ નીકળી જાય છે. કોને શું થાશે ? કોની લાગણી કેટલી દુભાશે? (એ જોવા રોકાતા નથી). વીતરાગતામાં એ વાત નથી રહેતી.

જ્યાં સુધી અજ્ઞાનદશા છે, જ્યાં સુધી કુટુંબ પ્રતિબંધ છે, કુટુંબના સભ્યો પ્રત્યે મારાપણું છે અથવા કુટુંબની વ્યક્તિઓ પોતાની દેખાય છે - એવી અનાદિથી જે નજર છે એ બદલી નથી, નજર બદલાઈને એ (બધાં) પારકા દેખાતા નથી, ત્યાં સુધી તો (કુટુંબરૂપી કોટડી) સંસાર વધવાનું જ કારણ છે. પરિભ્રમણ વધવાનું જ એ કારણ છે.

કૃપાળુદેવે સંસાર પરિભ્રમણના બે કારણો સ્પષ્ટ કહ્યા - એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. જો પોતાના દોષ અપક્ષપાતપણે જોવે - જોઈ શકે, એવી ભૂમિકામાં આવે તો સ્વચ્છંદ થોડો-ઘણો દબાય છે અને પ્રતિબંધ છે એ તો મૂકવો જ રહ્યો. પછી એ સમાજનો પ્રતિબંધ હોય તો મૂકી દેવો, સમાજ શું કહેશે? એ વાત છોડી દેવી. અથવા કોઈપણ બીજાની નજરમાં સારા દેખાવાની વૃત્તિ અથવા અભિપ્રાય (હોવો) એ સમાજ પ્રતિબંધ છે. આબરૂ-કીર્તિ સારી રહે, દેખાવ સારો રહે, શરીરનો દેખાવ સારો રહે, વર્તનનો દેખાવ સારો રહે અને બીજાની નજરમાં સારા દેખાઈએ, એ સમાજ પ્રતિબંધ છે. સમાજ પ્રતિબંધ કહો, લોકસંજ્ઞા કહો કે તીવ્ર પરલક્ષ કહો કે સ્વલક્ષથી દૂર જવાનો પ્રયોગ કહો - એ બધું એક જ છે. કૃપાળુદેવે બીજા પત્રમાં લોકસંજ્ઞાને કાળકૂટ ઝેર કહ્યું છે. કેવું કહ્યું છે? કાળકૂટ ઝેર - કાતિલ ઝેર. ઝેરથી કેટલા દૂર રહેવું જોઈએ ? કે એની પેક બાટલીને અડ્યો હોયને માણસ તો પણ ત્રણ વખત સાબુથી હાથ ધોઈ નાખે! બૂચ ખોલ્યું ન હોય પણ પેકે પેક બાટલી હોય, એને પકડીને એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકી હોય - તો (પણ) ત્રણ વખત સાબુથી હાથ ધોઈ નાખે! એટલો ડર લાગે. ઝેરનો એટલો ડર લાગે! મુમુક્ષુ જીવ લોકસંજ્ઞાથી એટલો ભયભીત હોવો જોઈએ અને એટલો જ કુટુંબ પ્રતિબંધથી ભયભીત હોવો જોઈએ.

કુટુંબમાં પોતાપણાની મીઠાશ એ મીઠું ઝેર છે. કેવું છે? મીઠું ઝેર છે. મીઠું એવું લાગશે કે ખબર નહીં પડે (કે આ ઝેર છે)! સેક્રીન લગાડેલી છરી હોય અને જીભ (ઉપર) લગાડે તો ગળી લાગે (પણ) જીભ કપાઈ

જાય! ધાર એવી તીક્ષ્ણ હોય! એ ચાખવા જાય કે, કેવીક ગળી છે? ગળી તો જરૂર લાગે કેમકે ત્યાં સેક્રીન અડેલું છે, પણ જીભ કપાય જાય. આ કુટુંબ પ્રતિબંધ એવો છે. કૃપાળુદેવે ૫૩૭ પત્રમાં તો ચોખ્ખુ નરક, નિગોદનું જ કારણ કહ્યું છે. મુમુક્ષુએ એમ સમજવા યોગ્ય છે કે, મને કૃપાળુદેવ આજ્ઞા કરે છે કે તું કુટુંબ પ્રતિબંધ છોડ!

પત્ર વાંચવાનો કે સ્વાધ્યાય કરવાનો અર્થ શું છે ? કે એ પત્ર ઉપર નામ ગમે તેનું લખ્યું હોય, સ્વાધ્યાય કરનારે તો એ જગ્યાએ પોતાને બેસાડી દેવો જોઈએ, એ સ્થાનમાં પોતાને લઈ લેવો જોઈએ. તું જેટલો કુટુંબ પ્રતિબંધ કરીશ (નરક, નિગોદ) સિવાય એનો બીજો કોઈ અંજામ નથી.

૫૩૭ (પત્ર) લ્યો ને! ૪૩૬ પાને વાક્ય લખ્યું છે (તે જોઈએ). **'સ્વપનદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાનદશારૂપ સ્વપનરૂપયોગે આ જીવ પોતાને, પોતાના નહીં એવા બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે,...'** સીધું (એનું ફળ) નરક બતાવ્યું છે. **'તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે,...'** લીધું છે? સંસારના બધાં સંબંધો લીધા? પુત્ર, મિત્ર બધું (લઈ લીધું) **'અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે;...'** જ્યાં કુટુંબથી છૂટો પડ્યો ત્યાં એનો પ્રતિબંધ ગયો. અંદરથી છૂટો પડ્યો, બહારથી ભલે એ મુમુક્ષુ સંયોગોમાં રહ્યો હોય. અંદરથી છૂટો પડ્યો તો સહજ મોક્ષ છે. **'અને એ જ નિવૃત્તિને અર્થે...'** એટલે એ પ્રતિબંધ છોડવાને અર્થે **'સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે.'** (તે સાધન પણ પુરુષાર્થ કરે તો જ) પ્રાપ્ત છે (એમ કહેવાય), નહીંતર નહીં. એ સાધન નથી રહેતાં. **'વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી.'** કુટુંબ પ્રતિબંધ છોડ્યો (તે જીવ) શરીર પ્રતિબંધ સહેલાઈથી છોડશે. કેમ? (કેમકે) કુટુંબ છે એ શરીરને અનુકૂળતા દેનારા નિમિત્તો છે. 'તમારે દૂધ જોઈએ? તમારે પાણી જોઈએ? તમારે જમવા જોઈએ? તમારે અનુકૂળતા જોઈએ? તમારે આમ કરવું છે? આમ કરવું છે?' બધી અનુકૂળતા (મળી રહે છે). અરસપરસ એકબીજાની (અનુકૂળતા) સાચવે છે કે નહીં? અરસપરસ સ્નેહ રાખે છે, અરસપરસ અનુકૂળતાઓ સાચવે છે. એટલે એમાં દેહાત્મબુદ્ધિ – દેહ પ્રતિબંધ તો ઘુંટાય જ છે. પણ (જે) કુટુંબ પ્રતિબંધ છોડે એને દેહ પ્રતિબંધ છોડવાની તૈયારી થઈ જાય. (કેવી રીતે) કે, 'બહુ-બહુ તો મારે દેહની અનુકૂળતા માટે (વધારે) વાત કંઈ વિચારવાની રહેતી નથી. મને ગમે તેમ ચાલશે. મને ગમે તે પરિસ્થિતિ ચાલશે અને હું ચલાવી શકીશ.' (એમ તૈયારી થઈ જાય છે). 'મારે મારું (આત્મકલ્યાણનું) કામ કરવું છે. ગમે ત્યાં રહીને પણ મારે મારું કામ કરવું છે. ગમે તે સ્થિતિમાં પણ મારે મારું આત્મકલ્યાણ કરવું છે.' (એમ) એ દેહ પ્રતિબંધ સહેલાઈથી છોડી શકે. પછી એ બંધન રહેતું નથી. સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ છે એ તો જરા સૂક્ષ્મ વિષય છે. જ્યાં સુધી અંદરમાં રાગનું પણ કર્તાપણું રહે, રાગનું પણ એકત્વ રહે, સૂક્ષ્મ રાગનું પણ એકત્વ અને કર્તૃત્વ રહે, ત્યાં સુધી વિકલ્પ ન મટે અને નિર્વિકલ્પ દશા ન આવે. એ પ્રતિબંધ તો પછી પુરુષાર્થથી છૂટે છે. એ છૂટવા (માટે) પછી વધારે અવરોધરૂપ કારણ કોઈ નથી. (જેને) કુટુંબ પ્રતિબંધ અને દેહ પ્રતિબંધ છૂટ્યો, એને સંકલ્પ-

વિકલ્પ પ્રતિબંધ છોડવાનો પુરુષાર્થ કરવામાં પછી બીજો કોઈ અવરોધ નથી. મુખ્યપણે જીવનો પુરુષાર્થ રોકાય જાય છે એ આમાં રોકાઈ જાય છે. કુટુંબ પ્રતિબંધમાં અને દેહ પ્રતિબંધમાં (રોકાઈ જાય છે).

મુમુક્ષુ :- કુટુંબમાં અનુકૂળતા હોય અને જીવ રોકાય જાય એ તો બરાબર છે પણ અનુકૂળતા ન હોય અને પ્રતિકૂળતા હોય તો પણ જીવ ત્યાં ચોંટ્યો રહે છે!

પૂજ્ય ભાઈશ્રી :- સાવ સાચી વાત છે. હડ.. હડ... કરે ને તોપણ મૂકી ન શકે. અનુકૂળતામાં તો લપટાય જ જાય, એમાં તો એણે બહુ પુરુષાર્થ કરવો પડે, તો જ અનુકૂળતામાંથી છૂટી શકે. એમાં વધારે પુરુષાર્થ માગે છે. પ્રતિકૂળતામાં તો ચોખ્ખી સમજણ પડે એવી વાત છે કે, આ કોઈ મારા સગા છે જ નહીં. હું મફતનો ચોંટુ છું, એટલી જ વાત છે. એટલે એમાં તો ચોખ્ખુ દેખાય એવું છે. કેમકે હાલતાને ચાલતા 'તુ-તુ, મૈં-મૈં' થઈ જતુ હોય - 'તેં આમ કર્યુ ને તેં આમ કર્યું, તું આમ કરે છે ને તું આમ કરે છે...' 'સગા સ્વાર્થના છે' - એ કાંઈ સમજાવવું નથી પડતું અને અત્યારે બહુભાગ એવું છે. કુટુંબનો સ્નેહ-પ્રેમ હોય એવા બહુ ઓછા કુટુંબો હોય છે. એમાંથી નીકળવું તો બહુ અઘરું છે. એમાં વધારે અઘરું (પડે) છે. (પ્રતિકૂળતામાં) તો માણસ થોડો પણ સમજદાર હોય ને તો કુટુંબ પ્રતિબંધ છોડતા વાર ન લાગે અને છતાં પણ ન છોડતો હોય તો થોડો પણ સમજદાર નથી, એમ લેવું. ચોખ્ખી વાત છે (કે કુટુંબ પ્રતિબંધથી) સંસાર વધે છે. અહીંયા પોતે નરક, નિગોદમાં જવાની તૈયારી કરે છે.

(અહીંયા આપણે ચાલતા પત્રમાં શું કહે છે)? **'ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી.'** આમ છે. ગમે તેટલી સુધારણા કરો એટલે વ્યવસ્થા રાખો કે આપણે આમ વ્યવસ્થા રાખવી. ઘરમાં એક જ્ઞાન-ધ્યાનની રૂમ જુદી રાખવી - ઑફીસની જગ્યા જુદી રાખવી - લખવા -વાંચવાની વ્યવસ્થા જુદી રાખવી. - ધાર્મિક કંઈક લખવું-વાંચવુ હોય તો (એનો રૂમ જુદો રાખવો) - એમ ગમે તેટલી વ્યવસ્થા રાખો (તોપણ તેમાં સંસારક્ષય થવાનો નથી). (અહીંયા તો) આગળ વધેલા (તીવ્ર મુમુક્ષુતાની ભૂમિકાના) વિષયની વાત (લીધી) છે. એકાંત એટલે નીચેની ભૂમિકામાં એકાંતનો વિષય લાગુ પડતો નથી. બોધની પરિપક્વતા આવે પછી એકાંતમાં જાય તો વાંધો નહીં. એ પહેલા એકાંતમાંથી પણ બીજી-બીજી લાઈને અને બીજા વિકલ્પે ચડી જવાની સંભાવના વધારે છે. કેમકે એકાંતમાં તો જ્ઞાન કરતાં ધ્યાનની મુખ્યતા વધારે છે. અને ધ્યાન પદાર્થ નિર્ણય (સ્વરૂપ નિર્ણય) પહેલા થતું નથી.

કૃપાળુદેવે ૨૫૪ (પત્રમાં) મુમુક્ષુતાનો જે ક્રમ લીધો છે, એમાં છેલ્લું stage પદાર્થ નિર્ણયનું લીધું છે. એ પદાર્થ નિર્ણય એટલે સ્વપદાર્થનો નિર્ણય - સ્વરૂપનો નિશ્ચય. એ સ્વરૂપ નિશ્ચય એટલે સ્વરૂપની ઓળખાણ - સ્વરૂપનું ભાવભાસન અને એ સ્વરૂપના ભાવભાસનમાં અનંત સુખનો સમુદ્ર આત્મા! અનંત સુખનું ધામ! (એનો) પ્રત્યક્ષ અંશે વિશ્વાસ આવે છે. એના એક પ્રત્યક્ષ અંશથી એનો વિશ્વાસ આવે છે કે, 'છે'. એની હયાતી 'છે'. મારામાં અનંત સુખ હયાત છે એનો વિશ્વાસ આવે છે. જેમ સર્પની પૂંછડી જુએ એટલે આખો સર્પ દરની અંદર કે ફર્નીચરની પાછળ સંતાયેલો છે - (એમ વિશ્વાસ આવી જાય છે). પછી કાંઈ તર્ક-કુતર્ક ન કરે કે હજી (તો) પૂંછડી (જોઈ છે). મોઢું નથી જોયું. કરડવાનો તો મોઢેથી છે ને! એવું કોઈ સાહસ કરતું નથી. એમ એક અંશે પણ આખો સુખ સમુદ્ર (આત્મા) વિશ્વાસમાં-પ્રતીતિમાં આવે છે. અને ત્યાર પછી પરિણામ દિશા બદલીને એ બાજુ ખેંચાય

છે. પરિણામ હમેંશા સુખ બાજુ જ ખેંચાય (આ નિયમબદ્ધ વાત છે). સુખ ન હોય અને સુખની કલ્પના થઈ હોય ને તો પણ ખેંચાય – એ તો પ્રગટ અનુભવ છે. તો વાસ્તવિક સુખનો સમુદ્ર જોવે અને પરિણામ એ બાજુ ન ખેંચાય કે ન દોડે, એ બને જ નહીં. ત્યાર પછી સહજ ધ્યાનની દશા છે. પુરુષાર્થ સાથે છે – વીર્યનો ઉછાળો સાથે હોય છે, એ પહેલાં ધ્યાન કરવા જાય તો કલ્પનાએ ચડવાનો અવકાશ રહે છે અથવા બહુભાગ જીવો કલ્પનાએ ચડે છે અને એ ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય છે. એટલે આત્માનો લાભ થવાનો તો એક બાજુએ રહ્યો – આત્મલાભ તો એક બાજુ રહ્યો – (પણ) નુકસાન થવાની પરિસ્થિતિ એમાં ઘણી વધારે છે. એટલે કૃપાળુદેવ અહીંયા તો ઉપરની (ભૂમિકાની) વાત લ્યે છે.

કુટુંબ છે એ કાજળની કોટડી છે, એમ લીધું. એકાંતવાસ છે એમાં ઉપરનો સાધક – ઉપરની ભૂમિકાનો સાધક જેટલી સાધના કરી શકે, એથી સોમાં ભાગે પણ કુટુંબની સાથે રહીને ન કરી શકે. નીચેની ભૂમિકાવાળાએ આ ભૂમિકાની ભાવના ભાવવાની છે કે, 'આગળની (દશામાં) આવી વાત છે અને મારી એવી દશા થાય તો સારું' – (એમ) ભાવના ભાવવાની વાત છે. ઉપરની ભૂમિકાની (વાત) છે એટલે મને લાગુ પડતી નથી, માટે મારે ઉપેક્ષા કરવી એમ નહીં (હોવું જોઈએ).

મુમુક્ષુ :– નીચેની ભૂમિકામાં એવો પ્રયત્ન હોવો જોઈએ કે આવી ઉપરની ભૂમિકામાં આવી શકાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રતિબંધ છોડવા માટેનો પુરુષાર્થ કરવો જોઈએ. જ્યાં સુધી કુટુંબ પ્રતિબંધ છૂટ્યો નથી ત્યાં સુધી કુટુંબ પ્રતિબંધ મૂકવા માટેનો પુરુષાર્થ હોવો જોઈએ. તો જ એ કુટુંબરૂપી કોટડીને સહજમાત્રમાં છોડી શકશે. નહીંતર જંગલમાં ગયા પછી, દીક્ષા લીધા પછી ત્યાં જઈને કુટુંબ સાંભરશે. કેમકે અંદર અભિપ્રાય અને રસ પડ્યો છે, પ્રતિબંધ છોડ્યો નથી.

એટલે જે જિનમાર્ગ છે એ તો વ્યવસ્થિત છે. પહેલા તું (કુટુંબની) અંદર રહીને પ્રતિબંધ છોડ. પછી બહારમાં તું એનો ત્યાગ કરજે. અંદરનો પ્રતિબંધ છોડ્યા વિના જો તે બહારમાં ત્યાગ કર્યો તો ત્યાં (જંગલમાં) જઈને (કુટુંબ) સાંભરશે. ભોગ-ઉપભોગ બધું સાંભરશે, અનુકૂળતાઓ, બધાં પ્રસંગો સ્મરણના પડદા ઉપર આવવા લાગશે. picture ચાલુ થઈ જશે અને પરિણામ ત્યાં લાગશે. એટલે (જિનમાર્ગમાં) વ્યવસ્થિત વાત છે. મુમુક્ષુની ભૂમિકામાં પહેલા પ્રતિબંધ છૂટે પછી ઉપરની ભૂમિકામાં એકાંતમાં જાય તો વાંધો ન આવે. નહીંતર એકાંતવાસ છે એ પણ નુકસાનનું કારણ થઈ શકે છે.

**'કષાયનું તે નિમિત્ત છે;...'** જે કાજળગૃહ લીધું એ કષાયનું નિમિત્ત છે. એટલે થોડો ઘણો તો ડાઘ લાગે, લાગે ને લાગે જ. એટલે જે મુનિદશામાં આવે છે એ તો સંપૂર્ણ નિર્દોષ થવાના પુરુષાર્થમાં આવી ગયા છે, એટલે પછી એમને (કુટુંબની) સાથે રહેવું પોષાય નહીં.

મુમુક્ષુ :– ભાઈશ્રી! અહીંયા નિમિત્ત કહ્યું છે, કારણ નથી કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નિમિત્ત જ છે, ખરેખર તો નિમિત્ત કારણ જ છે. આમ (વાસ્તવિક) કારણ તો છે નહીં. કોઈ (કષાય) કરાવે છે, કુટુંબ મોહ કરાવે છે– એવું નથી. એ તો હમણા વાત ચાલીને કે કુટુંબવાળા વડચકા ભરતા હોય તો પણ પોતે વળગીને બેઠો (રહે) છે. એ ક્યાં (મોહ) કરાવે છે? કરે છે તો પોતે જ ને! પ્રતિકૂળ સંજોગોમાં પણ પોતે જ કરે છે ને, બીજું શું કરે છે? અનુકૂળતાવાળા (પ્રતિબંધ જલ્દી) ન મૂકી શકે, એને તો સ્વાભાવિક છે કે કુટુંબીઓને બહુ દુઃખ થશે (એમ લાગે). પણ જેને તીવ્ર કુટુંબ પ્રતિબંધ હોય છે એ પ્રતિકૂળતામાં પણ મૂકી શકતા નથી. કુટુંબ

પ્રતિબંધને છોડી શકતા નથી. કુટુંબને છોડવાની વાત નથી, કુટુંબ પ્રતિબંધને છોડી શકતા નથી. (એને એમ જ થાય કે) 'એને આમ લાગશે ને એને આમ લાગશે, એને આમ લાગશે ને એને (તેમ) લાગશે, આમ કરીશ તો આમ લાગશે ને આમ કરીશ તો (તેમ) લાગશે.' એને શું લાગશે એની ચિંતા છે, તારું શું થાશે એની ચિંતા નથી. આ પરિસ્થિતિ છે. એટલે એ તો નિમિત્ત જ છે. નિમિત્ત કાંઈ કરે એ પ્રશ્ન તો છે (જ) નહીં.

(આગળ કહે છે). **'મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે.'** 'મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે,' એમ કહ્યું. પર્વત ખૂટે નહીં. પર્વતમાંથી ખટારા ભરી-ભરીને, ટ્રક ભરી-ભરીને માટી લઈ જાય, પત્થર લઈ જાય (તોપણ) પર્વત ખૂટે છે? ૫૦૦-૧૦૦૦ વર્ષ (થયા હોય તો પણ) એમ ને એમ લાગે. એમ (કુટુંબ છે એ) મોહનો મોટો પર્વત છે.

**'પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે.'** (અર્થાત્) પરિણામની જો ગુફા જુએ તો અંદરમાં એ બરાબર જામેલી વાત છે. (મુમુક્ષુ) જીવ કુટુંબ પ્રતિબંધ મૂકવાનો મુમુક્ષુની ભૂમિકામાં પુરુષાર્થ કરે ત્યારે સમજાય એવું છે કે આમાં (કેટલો) પરસેવો ઉતરી જાય એવી વાત છે! કોઈ સહેલી વાત નથી. સંસારમાંથી છૂટવું - નીકળવું એ ઘણું કઠણ છે, એનું આ કારણ છે કે, જીવ કુટુંબ પ્રતિબંધ છોડી શકતો નથી. એ છોડે તો તો ઘણો આગળ નીકળી જાય! બહુ મોટો લાભ કરી શકે, બહુ મોટો લાભ પ્રાપ્ત કરી શકે!! (પરંતુ) એ છોડવામાં પુરુષાર્થ માગે છે, સારો એવો પુરુષાર્થ માગે છે. પ્રયત્ન કરવાથી એ સમજાય એવું છે કે, કેવો પુરુષાર્થ માગે છે! practical side તો (એનો) પ્રયત્ન કરો ત્યારે જ સમજાય કે, અંદરમાં પોતાપણાના સંસ્કારો જામ થઈ ગયેલા છે. એની પરિણતિ જામેલી છે. પરિણતિ તો સમજાતી જ નથી.


(શેષ પ્રવચન આવતા અંકે... )

અરે આત્મા! અંતરમાં નજર કરીને જો તો ખરો! કે તું કોણ છે? તું સર્વથી ભિન્ન એક આત્મા છો. સિવાઈ કાંઈ નથી. તો પછી વિચાર કે આ રમત શી માંડી છે? અને શા માટે માંડી છે? ક્યાં સુધી આમ કર્યા કરવું છે? શું હજી તને આ વ્યર્થ મિથ્યાભાવો નો થાક લાગતો નથી? આ અગ્નિઝાળ (વિકલ્પોની પરંપરા)માં શાંતિ અનુભવાય છે? બળતરામાં શાંતિ કે ટાઢક વળે ખરી? તારા નિજકાર્યની જવાબદારીને કેમ વિસરે છે? અને ભાનભૂલી પ્રવર્તે છે? બેજવાબદારની કિંમત કેટલી? બેજવાબદારપણે વર્તતા તેનું ફળ પણ ભોગવવું જ પડશે.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ
('અનુભવ સંજીવની' બોલ- ૧૯૫૦)


## આભાર

**'સ્વાનુભૂતિપ્રકાશ'** (સપ્ટેમ્બર-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
૧) શ્રીમતી વંદના રણધીર ઘોષાલ, કોલકાતા
તથા
૨) શ્રીમતી ઈંદુ સરાવગી પરિવાર, કોલકાતા તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

પત્રાંક - ૩૭૬

મુંબઈ, વૈશાખ વદ, ૧૯૪૮

શ્રી સ્થંભતીર્થવાસી જિજ્ઞાસુ પ્રત્યે,

શ્રી મોહમયીથી અમોહસ્વરૂપ એવા શ્રી રાયચંદ્રના આત્મસમાનભાવની સ્મૃતિએ યથાયોગ્ય વાંચશો.

હાલ અત્રે બાહ્યપ્રવૃત્તિનો જોગ વિશેષપણે રહે છે. જ્ઞાનીનો દેહ ઉપાર્જન કરેલાં એવાં પૂર્વકર્મ નિવૃત્ત કરવા અર્થે અને અન્યની અનુકંપાને અર્થે હોય છે.

જે ભાવે કરી સંસારની ઉત્પત્તિ હોય છે, તે ભાવ જેને વિષેથી નિવૃત્ત થયો છે, એવા જ્ઞાની પણ બાહ્યપ્રવૃત્તિનાં નિવૃત્તપણાને અને સત્સમાગમનાં નિવાસપણાને ઈચ્છે છે. તે જોગનું જ્યાં સુધી ઉદયપણું પ્રાપ્ત ન હોય ત્યાં સુધી, અવિષમપણે પ્રાપ્ત સ્થિતિએ વર્તે છે એવા જે જ્ઞાની તેના ચરણારવિંદની ફરી ફરી સ્મૃતિ થઈ આવવાથી પરમ વિશિષ્ટભાવે નમસ્કાર કરીએ છીએ.

હાલ જે પ્રવૃત્તિજોગમાં રહીએ છીએ તે તો ઘણા પ્રકારના પરેચ્છાના કારણથી રહીએ છીએ. આત્મદ્રષ્ટિનું અખંડપણું એ પ્રવૃત્તિજોગથી બાધ નથી પામતું. માટે ઉદય આવેલો એવો તે જોગ આરાધીએ છીએ. અમારો પ્રવૃત્તિજોગ જિજ્ઞાસુ પ્રત્યે કલ્યાણ પ્રાપ્ત થવા વિષે વિયોગપણે કોઈ પ્રકારે વર્તે છે.

જેને વિષે સત્સ્વરૂપ વર્તે છે, એવા જે જ્ઞાની તેને વિષે લોક-સ્પૃહાદિનો ત્યાગ કરી, ભાવે પણ જે આશ્રિતપણે વર્તે છે, તે નિકટપણે કલ્યાણને પામે છે, એમ જાણીએ છીએ.

નિવૃત્તિને, સમાગમને ઘણા પ્રકારે ઈચ્છીએ છીએ, કારણ કે એ પ્રકારનો જે અમારો રાગ તે કેવળ અમે નિવૃત્ત કર્યો નથી.

કાળનું કળિસ્વરૂપ વર્તે છે, તેને વિષે જે અવિષમપણે માર્ગની જિજ્ઞાસાએ કરી, બાકી બીજા જે અન્ય જાણવાના ઉપાય તે પ્રત્યે ઉદાસીનપણે વર્તતો પણ જ્ઞાનીના સમાગમે અત્યંત નિકટપણે કલ્યાણ પામે છે, એમ જાણીએ છીએ.

કૃષ્ણદાસે લખ્યું છે એવું જે જગત, ઈશ્વરાદિ સંબંધી પ્રશ્ન તે અમારા ઘણા વિશેષ સમાગમે સમજવા યોગ્ય છે. એવા પ્રકારનો વિચાર (કોઈ કોઈ સમયે) કરવામાં હાનિ નથી. તેનો યથાર્થ ઉત્તર કદાપિ અમુક કાળ સુધી પ્રાપ્ત ન થાય તો તેથી ધીરજનો ત્યાગ કરવાને વિષે જતી એવી જે મતિ તે રોકવા યોગ્ય છે.

અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે 'શ્રી રાયચંદ્ર' તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરું કરીએ છીએ.

*

પત્રાંક - ૩૭૭

મુંબઈ, વૈશાખ, ૧૯૪૮

'યોગ અસંખ જે જિન કહ્યા, ઘટમાંહી રિદ્ધિ દાખી રે;
નવ પદ તેમજ જાણજો, આતમરામ છે સાખી રે.'

(અનુસંધાન પાના નં ૧૭ પર... )



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘સમ્યક્‌જ્ઞાનની પ્રવૃત્તિ’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

જ્ઞાનીને રાગ બોજારૂપ લાગે છે. ભારે ચીજ ઉપર હલકી ચીજ હોય તો બોજો ન લાગે, પરંતુ હલકી ચીજ પર તો ભારે ચીજનો બોજો લાગે જ. તેમ જ્ઞાનીને રાગ બોજારૂપ લાગે છે. ખટકે છે, ખૂંચે છે. (૪૫૦)

*

વિકલ્પાત્મક નિર્ણય છૂટને સ્વ-આશ્રતિ જ્ઞાન ઉઘડે છે. જે જ્ઞાન સુખને આપે છે - તે જ જ્ઞાન છે. (૪૬૨)

*

વિકલ્પ ઊઠે તો એમ કહે કે ‘હે ગુરુ! આપ મારા સર્વસ્વ છો’ (પરંતુ) તે જ સમયે અભિપ્રાય તો (એમ) કહે છે કે ‘મારે તમારી જરૂરત નથી,’ ‘મારું સર્વસ્વ તો મારી પાસે છે’ એટલો વિશ્વાસ અને (સ્વરૂપનો) ઉલ્લાસ તો જરૂર આવી જવો જોઈએ કે (મારા કાર્ય માટે) મને દેવ-ગુરુની પણ જરૂર નથી; સાંભળવા કરવાની પણ જરૂર નથી, મારું કાર્ય મારા (અંતર-પુરુષાર્થ)થી જ થશે. (૪૬૮)

*

સ્વાધ્યાય આદિનું વિકલ્પવાળું જ્ઞાન છે તે તો આકુળતાની સાથે અભેદ છે; અને સહજજ્ઞાન ત્રિકાળીસ્વભાવની સાથે અભેદ છે. (જેમાં નિરાકુળતા છે.) (૫૭૦)

*

‘હું નિષ્ક્રિય ત્રિકાળી છું’ - આ ચશ્માં લગાવીને દેખવાથી બધા ગુણ પોતાનું કાર્ય કરે છે, તેમાં સહજ જ્ઞાન અને પુરુષાર્થ આવી જાય છે.

(સહજ સ્વરૂપમાં) સાધક-બાધક કોઈ નથી. આ ચશ્માં લગાવાથી અર્થાત્ ધ્રુવની મુખ્યાતામાં બધું યથાર્થ દેખાય છે. સાધક બાધકભાવ પર્યાયમાં છે, ‘હું તો ધ્રુવ છું.’ (૬૦૧)

*

‘પ્રતિ સમયના પરિણામ’ (-વ્યવહાર) તે કાળે માત્ર જાણેલું પ્રયોજનવાન છે - બસ! એટલી જ મર્યાદા છે. (૬૧૪)

*

જ્ઞાનની પર્યાય જ્ઞેયની સાથે સંબંધ રાખે છે. જ્ઞાયકનો સંબંધ કોઈની સાથે નથી. (‘હું અસંગ તત્ત્વ છું.’) (૬૧૯)

*

સમ્યગ્દ્રષ્ટિને રાગ પ્રત્યે પીઠ છે, (પરંતુ) મુખ નથી.

‘હું’ તો સદા અંતર્મુખ છું, ‘મારે’ વિકલ્પ સાથે સંબંધ નથી; તો બીજાની તો શું વાત? આત્મા જ નિજવૈભવ છે. (૬૨૪)

*



# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી-સીડી-૧૪-C

પ્રશ્ન :- 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના વચનામૃતમાં બીજું કાંઈ શોધમાં એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે. પછી જો તને મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ જજે. એમાં વિશેષ સ્પષ્ટતા...

ઉત્તર :- .. કર્યો છે અને સ્વાનુભૂતિ પ્રગટ કરી છે. માર્ગને જાણે છે માટે સત્પુરુષને ગોત. એ બધું તને કહેશે. માટે તને અંતરથી કાંઈ સમજાતું નથી માટે એક સત્પુરુષને શોધ. એ સત્પુરુષ જે કહે એનો આશય બધો ગ્રહણ કરી લે. તો મોક્ષ મારી પાસેથી લે જે એનો અર્થ કે તને મોક્ષ મળવાનો જ છે. સત્પુરુષને તે ગ્રહણ કર્યા અને સત્પુરુષને તે ઓળખ્યા તો માર્ગ તને મળવાનો જ છે. અને મોક્ષ પ્રગટ થવાનો જ છે. માટે મોક્ષ ન મળે તો મારી પાસે લઈ જજે. એનો અર્થ એ છે કે તને મોક્ષ મળવાનો જ છે. એમ કહે છે.

અનંતકાળથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી. તો કાં દેવ કા ગુરુ મળે અને પોતાના ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. દેશનાલબ્ધિ પ્રગટ થાય એટલે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. માટે દેવ-ગુરુ અવશ્ય એ એકવાર દેશનાલબ્ધિ થાય એને નિમિત્ત મળે છે. થાય છે ઉપાદાનથી. પણ નિમિત્ત સાથે એવો સંબંધ હોય છે. માટે તું એક સત્પુરુષને ગોત તો તને બધું મળી રહેશે. એ સત્પુરુષ તને મળ્યા અને તને પ્રાપ્ત થયા વગર રહે એવું બનતું નથી. અવશ્ય પ્રાપ્ત થાશે. કારણ તને સત્પુરુષ ઉપર ભક્તિ આવી અને અર્પણતા આવી તે સત્પુરુષને દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે તે ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ પોતાને ઓળખે છે. માટે તું સત્પુરુષને ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ. માટે અવશ્ય તને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થશે અને અવશ્ય મોક્ષ મળશે એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. થાય છે પોતાથી પણ અનાદિકાળથી પોતે અજાણ્યો માર્ગ છે તો એને પહેલું વહેલું સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શનની તૈયારી થાય ત્યારે એને અવશ્ય દેવ કે ગુરુનું નિમિત્ત હોય છે. માટે તું સત્પુરુષને ગોત એમ કહે છે. સત્પુરુષને તું ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ. એવો એનો અર્થ છે. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.

જે સત્પુરુષને ઓળખે છે તે પોતાને ઓળખે. પોતાને ઓળખે એ સત્પુરુષને ઓળખે છે. એમ બનતું જ નથી. પોતે સત્પુરુષને ગ્રહણ કર્યા અને ઓળખ્યા ક્યારે કહેવાય કે આત્માની પ્રાપ્તિ થાય તો. અને ન થાય તો એને સત્પુરુષને ઓળખ્યા નથી અને સત્પુરુષને ગ્રહણ કર્યા નથી. એનો આશય ગ્રહણ કર્યો નથી.

પ્રશ્ન :- પંદર ભવમાં મોક્ષ મળી જાય એવી ખાત્રી આપી છે.

ઉત્તર :- પંદર ભવમાં અવશ્ય તને મોક્ષની પ્રાપ્તિ થાશે. તને અવશ્ય પંદર ભવમાં તો થાશે જ. એટલે એનો કાળ બતાવ્યો છે. અંદરથી આત્માની તૈયારી થાય એટલે પંદરભવમાં તો મોક્ષ મળવાનો જ છે. પછી સંસારમાં રહેવાનો નથી એથી વધારે. એમ ને એમ જો એને .. ધારાએ એમ ને એમ ચાલ્યો તો પંદરભવે અવશ્ય મોક્ષ થવાનો છે. પછી એક વાર તડ પડી ગઈ, ભેદજ્ઞાન થઈ ગયું પછી પહેલાના જેવો એ ભળતો જ નથી. છૂટો છૂટો જ રહે છે. એકવાર

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો અવશ્ય મોક્ષ થાય છે. અને એમ ને એમ એની તૈયારી રહે તો પંદરભવે થાય છે.

પ્રશ્ન :– સ્વાનુભૂતિદશા આમ તો વચનાતીત છે પણ જે આપે ઈશારો કર્યો છે એમાં થોડુંક વિશેષ માતાજી સ્વાનુભૂતિદશામાં..

ઉત્તર :– વિશેષ એ કાંઈ વચનની વાત નથી. આનંદતરંગો, સ્વાનુભૂતિમાં આનંદ ઉછળે છે એનો અર્થ એનું લખાણ કર્યું છે. સ્વાનુભૂતિમાં આનંદતરંગમાં દોડી રહ્યો છે. આત્માનો જે અદ્‌ભૂત જે સ્વભાવ છે, આત્માનો અપૂર્વ સ્વભાવ, આશ્ચર્યકારી સ્વભાવ અને જે આનંદકારી જે આનંદગુણ છે આત્મા આનંદતરંગમાં ડોલી રહ્યો છે. આનંદ. દ્રવ્ય-ગુણ અને પર્યાયથી ભરપુર જે આત્મા છે. અનંતગુણો અને અનંત પર્યાયોથી ભરપૂર આત્મા છે. એનું જેવું સ્વરૂપ છે એવું સ્વરૂપ એને સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થાય છે અને આનંદતરંગ ડોલી રહ્યો છે. એ જગતથી જુદો અને ન્યારો છે. એ વચનમાં આવે એવો આનંદ નથી. કહેવાય કે આનંદતરંગમાં ડોલે છે. બાકી અનંતગુણ વિભૂતિ એને પ્રગટ થઈ છે. એમાં એ ડોલી રહ્યો છે. મુખ્યપણે આનંદગુણ હોય છે. એટલે આનંદતરંગમાં ડોલે છે. એટલે એ એમાં બહુ .. છે અને કાંઈ કાર્ય નથી કરતો એમ નથી. એમાં એની પર્યાયો પણ પરિણમે છે. પર્યાયોના તરંગો ઉછળે છે કે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી એમાં એને પર્યાય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ નથી. પણ એમાં સ્વાનુભૂતિમાં પર્યાય નથી એવું નથી. એની પર્યાયમાં તરંગ ઉછળે છે અંદર. પર્યાય એવા આનંદના તરંગો ઉછળે છે. અને તે વચનથી અતીત છે. એ વચનમાં આવે એવો નથી.

દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિત તો આત્મા છે અને તે અપૂર્વ છે. આનંદતરંગમાં ડોલે છે અને તે અદ્‌ભુત છે. આશ્ચર્યકારી છે. જગતથી જુદું એ તત્ત્વ છે.

*

(તત્ત્વચર્ચાનો શેષ અંશ આવતા અંકમાં..)

---

(પાના નં ૧૪ થી આગળ... )

આત્માને વિષે વર્તે છે એવા જ્ઞાનીપુરુષો સહજપ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્તે છે. વાસ્તવ્ય તો એમ છે કે જે કાળે જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થયું તે જ કાળે જ્ઞાની મુક્ત છે. દેહાદિને વિષે અપ્રતિબદ્ધ છે. સુખ દુ:ખ હર્ષ શોકાદિને વિષે અપ્રતિબદ્ધ છે એવા જે જ્ઞાની તેને કોઈ આશ્રય કે આલંબન નથી. ધીરજ પ્રાપ્ત થવા 'ઈશ્વરેચ્છાદિ' ભાવના તેને થવી યોગ્ય નથી. ભક્તિમાનને જે કંઈ પ્રાપ્ત થાય છે, તેમાં કોઈ ક્લેશના પ્રકાર દેખી, તટસ્થ ધીરજ રહેવા તે ભાવના કોઈ પ્રકારે યોગ્ય છે. જ્ઞાનીને 'પ્રારબ્ધ' 'ઈશ્વરેચ્છાદિ' બધા પ્રકારો એક જ ભાવના, સરખા ભાવના છે. તેને શાતા અશાતામાં કંઈ કોઈ પ્રકારે રાગદ્વેષાદિ કારણ નથી. તે બન્નેમાં ઉદાસીન છે. જે ઉદાસીન છે, તે મૂળ સ્વરૂપે નિરાલંબન છે. નિરાલંબન એવું તેનું ઉદાસપણું એ ઈશ્વરેચ્છાથી પણ બળવાન જાણીએ છીએ.

'ઈશ્વરેચ્છા' એ શબ્દ પણ અર્થાંતરે જાણવા યોગ્ય છે. ઈશ્વેચ્છારૂપ આલંબન એ આશ્રયરૂપ એવી ભક્તિને યોગ્ય છે. નિરાશ્રય એવા જ્ઞાનીને બધુંય સમ છે, અથવા જ્ઞાની સહજપરિણામી છે; સહજ સ્વરૂપી છે, સહજપણે સ્થિત છે, સહજપણે પ્રાપ્ત ઉદય ભોગવે છે. સહજપણે જે કંઈ થાય તે થાય છે, જે ન થાય તે ન થાય છે, તે કર્તવ્યરહિત છે; કર્તવ્યભાવ તેને વિષે વિલયપ્રાપ્ત છે; માટે તમને, તે જ્ઞાનીના સ્વરૂપને વિષે પ્રારબ્ધના ઉદયનું સહજ-પ્રાપ્તપણું તે વધારે યોગ્ય છે, એમ જાણવું યોગ્ય છે. ઈશ્વરને વિષે કોઈ પ્રકારે ઈચ્છા સ્થાપિત કરી, તે ઈચ્છાવાન કહેવા યોગ્ય છે. જ્ઞાની ઈચ્છારહિત કે ઈચ્છાસહિત એમ કહેવું પણ બનતું નથી; તે સહજસ્વરૂપ છે.

*

(પાના નં ૧૯ થી આગળ... )

જે પદાર્થમાં અને જે વિષયમાં એને ઈષ્ટપણું લાગીને રસ આવતો હોય, સારું લાગીને રસ આવતો હોય, ત્યાં એણે તપાસ શરૂ કરવી. આ કેમ, કઈ રીતે અવલોકન કરવું (તે કહેવાય છે). ત્યાં એણે તપાસ શરૂ કરવી કે, આમાં સુખ ક્યાં છે? આમાં હું ક્યાં છું? મારું અસ્તિત્વ ક્યાં છે? મારી હયાતી ક્યાં છે? અને મારું સુખ ક્યાં છે? જો એ ન હોય તો પછી અહીંયાં ઈષ્ટપણું-સારાપણું લાગવાનું કારણ શું છે? અને જો ત્યાં સારાપણું લાગ્યું છે અને ત્યાં કંઈ સારાપણું નહિ હોવા છતાં સારાપણું લાગી ગયું છે તો એવી ભ્રમણા છે એનાથી આ જીવ છેતરાય ગયો એનું શું? માત્ર છેતરાણો એ સામાન્ય વાત નથી પણ એ ભ્રમણા એજ અનંત ભવનું બીજ છે.

જેમ કોઈ કહે કે, ફલાણી ચીજ કેન્સરનું કારણ છે. (તો) કોઈ માણસ ન ખાય. આ વિરુદ્ધ આહાર! વિરુદ્ધ આહારની અંદર એક ચીજમાં બીજી ચીજ સાથે ન ખાવી એને વિરુદ્ધ આહાર કહેવામાં આવે છે. (દા.ત.) દૂધમાં ગોળ નાખીને ન ખાવો, (કેમકે એ) વિરુદ્ધ આહાર છે. આ રોગની દ્રષ્ટિએ (વાત) છે. માણસ દૂધની અંદર ગોળ નથી ખાતા. એવી જ રીતે માણસ દૂધની અંદર ફ્રુટ નથી ખાતા. વિરુદ્ધ આહાર કહેવાય છે. આ જે સંશોધન કરે છે એમાં એ લોકો અનુમાન કરે છે (કે) વિરુદ્ધ આહાર છે એ એક કારણ (છે).


એમ આ જે ભ્રમણાની વિરુદ્ધતા છે એ અનંત ભવનું કેન્સર છે!! એટલું સમજી લેવું. ખાલી એ સુખબુદ્ધિએ રસ લે છે એમાં શું? થોડોક રસ લીધો એમાં શું? એમ એને લાગે. છેતરાય ગયો તો થોડીક વાર છેતરાય ગયો, પણ ચાલો મને તો ઠીક લાગ્યું, સારું લાગ્યું, આનંદ આવ્યો, મજા આવી. કહે છે કે, એ સુખબુદ્ધિ છે, સુખ ભાસીને જે રસ લેવાણો એ ભ્રમણા એ ભવભ્રમણનું કારણ છે. જન્મ-મરણનું કારણ જ આ છે. એટલે એની મિથ્યાબુદ્ધિ જે છે જ્યાં સુખ નથી, જ્યાં પોતાનું અસ્તિત્વ નથી, ત્યાં એની તપાસ કર્યા વિના એમને એમ આંધળો થઈને સુખનો અનુભવ કરે છે તો એ ભ્રમણા એને ભવભ્રમણનું કારણ થાય છે.

'ગુરુદેવ' પ્રવચન કરતાં કોઈ-કોઈ જગ્યાએ બહુ સ્પષ્ટ વાત કરે છે કે, જીવ સંસારની અંદર પાંચ ઈન્દ્રિયના વિષયમાં ફસાયેલો છે. એટલે આ સુખબુદ્ધિએ ફસાયેલો છે. કોઈ જીવ વૈરાગ્ય ધારણ કરે છે તો કષાયની મંદતામાં ફસાય છે. આ બધું અશુભ છે પાંચ ઈન્દ્રિયના વિષયમાં ક્યાંય પણ કોઈપણ પદાર્થ(માં) અથવા અનુકૂળતામાં સુખ, એ એને અશુભમાં સુખબુદ્ધિ છે અથવા ઈષ્ટબુદ્ધિ છે, હિતબુદ્ધિ છે. અને ત્યાંથી કોઈ વૈરાગ્ય ધારણ કરે તો શુભની અંદર ફસાય છે, એને કર્તવ્ય માનીને ત્યાં જ આગળ વધવા માંગે છે. 'ગુરુદેવ' બન્ને જગ્યાએથી જીવને બહાર કાઢવા માંગે છે કે, આ બન્ને તારા ફસાવાના ઠેકાણાં છે એક અશુભ અને એક શુભ. નીકળ ત્યાંથી બહાર! બેમાંથી એકેય તારા રસનો વિષય નહિ હોવો જોઈએ. એક આત્માને છોડીને તારા રસનો વિષય બીજો કોઈ ન હોવો જોઈએ, તો જ તારું કલ્યાણ છે. જ્ઞાનના આધારે જ જ્ઞાન થશે અને વૈરાગ્ય થશે, રાગના આધારે જ્ઞાન પણ નહિ થાય અને રાગના આધારે વૈરાગ્ય થવાનો પ્રશ્ન જ નથી. ચાહે રાગ તીવ્ર હોય કે ચાહે રાગ મંદ હોય. રાગના આધારે રાગ તીવ્ર થશે, રાગરસ વધશે. જ્ઞાનના આધારે જ્ઞાન થશે અને રાગરસ મટશે. એટલે આધારબુદ્ધિનો જ્યાં વિષય છે ત્યાં એણે એક જ્ઞાનનો જ આધાર, માત્ર જ્ઞાનનો આધાર, 'જ્ઞાનમાત્ર' કહેવું છે એમાં માત્ર જ્ઞાનનો આધાર! એ એક જ આધારનો વિષય રહેવો જોઈએ. બાકી બધું છોડવું જોઈએ. એનું નામ વૈરાગ્ય છે.

**(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત' તા. ૦૮-૧૧-૮૬, વચનામૃત - ૩,૪ પ્રવચન નં-૫, ૪૮ મિનિટે)**

# જ્ઞાન અને વૈરાગ્યની સંધિ!!

## -પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



યથાર્થ જ્ઞાન અને યથાર્થ વૈરાગ્યને સમજવા જોઈએ, ઓળખવા જોઈએ અને પોતાને વિષે અને બીજાઓને વિષે એની જ કિંમત હોવી જોઈએ. એ સિવાય બીજી રીતે ભૂલ થાય તો જીવને અવશ્ય નુકસાનનું કારણ થાય. નિયમથી નુકસાનનું કારણ થાય. જ્ઞાન, વૈરાગ્યના વિષયમાં આ બોલની અંદર બહુ સારી સ્પષ્ટતા આવી છે.

એવું નથી કે જ્ઞાન કરી લેવું, વૈરાગ્ય હોય-ન હોય એનો વાંધો નહિ! એવું નથી. ખરેખર તો આત્માર્થીની ભૂમિકા લઈએ તો નીરસપણું તો પહેલાં આવવું જોઈએ. જો આત્માર્થીની ભૂમિકાનો વિષય જો વિચારીએ તો સર્વ સંયોગોને વિષે, સર્વ ઉદયમાન પ્રસંગોને વિષે નીરસપણું પહેલાં આવવું જોઈએ, તો જ્ઞાનપ્રાપ્તિ થશે. કેમ એમ લેવું પડે છે? (કેમકે) અનાદિથી આ જીવનો જ્ઞાનનો પર્યાય રાગરસને લઈને કષાયરસને લઈને મલિન થઈ રહ્યો છે, એટલે જ્ઞાનમાં મળ લાગેલો છે, રાગરસનો મળ લાગેલો છે. તો પહેલાં આત્માર્થીને જે આત્મસ્વરૂપની ઓળખાણ કરવી છે એ ઓળખાણ જ્ઞાનના અરીસામાં થશે અને જ્ઞાનથી થશે. તો એ અરીસો ચોખ્ખો કરવા માટે એને રાગમળને ઘટાડવો પડશે.

જેમ હમણાં પૂછ્યું કે, આત્મપ્રાપ્તિના હેતુથી વૈરાગ્ય અથવા નીરસપણું (આવે તો?) (તો) એ યોગ્ય છે. કેમ એ યોગ્ય છે? કે, જીવને બુદ્ધિ તો છે, ક્ષયોપશમ છે છતાં પણ આત્માની ઓળખાણ નથી થતી એનું કારણ શું? (કેમકે) મલિનબુદ્ધિ છે. ઉઘાડ છે, ક્ષયોપશમ ઘણો છે, પોતાના પ્રયોજનભૂત કાર્ય માટે સંજ્ઞી પંચેન્દ્રિયને પૂરતો ક્ષયોપશમ છે, પણ જે મલિન જ્ઞાનનો પર્યાય છે એને લઈને પોતાનું જ સ્વરૂપ, જ્ઞાનને પોતાનો જ સ્વભાવ અને પોતાનું સ્વરૂપ સૂઝતું નથી. અથવા એને જ્ઞાનમાં જ્ઞાનવેદન હોવા છતાં વેદન પકડાતું નથી અથવા જ્ઞાનને પોતાને પોતાનું અવલંબન લેવું, અંતર્મુખ કેમ થવું, સ્વસન્મુખ કેમ થવું? એ એને સમજાતું નથી. સ્વસન્મુખ થવું જોઈએ એમ સમજાય છે, ત્યાં સુધી સમજાય છે. ક્યાં સુધી સમજાય છે? કે, સ્વસન્મુખ થવું જોઈએ. પણ કેમ થવું? એ નથી આવડતું. કેમકે એ એને સમજાતું નથી. એનું કારણ એને રાગરસની મલિનતા નડે છે. રાગરસની તીવ્રતા એને નડે છે.

(માટે) એને પ્રથમ વૈરાગ્યનો ઉપદેશ છે કે, તું વૈરાગ્યસમેત સત્સંગ કર! રાગરસમાં ઊભો રહીને સત્સંગ કરીશ તો તને જે બહારના પદાર્થોની સુખબુદ્ધિ છે એ સત્સંગને નિષ્ફળ કરનાર થશે. જે સત્સંગ પ્રાપ્ત હોવા છતાં નિષ્ફળ જાય છે એના કેટલાક કારણોની અંદર આ એક કારણ છે. 'શ્રીમદ્જી'એ ૬૦૯ નંબરનો પત્ર છે એમાં (સત્સંગ નિષ્ફળ જવાના) પાંચ કારણો લીધા છે. મિથ્યા આગ્રહપણું, સ્વચ્છંદ બે વાત લીધી છે અને ત્રીજું લીધું છે સુખબુદ્ધિ, પરમાં સુખબુદ્ધિ. ચોથું કારણ લીધું છે જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિનો અભાવ અને પાચમું એક (લીધું છે) પ્રમાદ. મિથ્યાઆગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ, પરમાં સુખબુદ્ધિ અને સત્પુરુષ પ્રત્યેની ભક્તિનો અભાવ. આ પાંચ કારણ જીવને સ્વસ્વરૂપ નહિ ઓળખવામાં અથવા સત્સમાગમ પ્રાપ્ત હોવા છતાં નિષ્ફળ જવાના કારણો છે. આવી વાત ૬૦૯ નંબરના પત્રમાં લીધી છે. એમાં આ વૈરાગ્ય ન હોય તો નડે છે.

(અનુસંધાન પાના નં ૧૮ પર... )

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

Printed Edition : **1301**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041